સરકારના જાહેર સાહસોમાં અધ્યક્ષ/
ઉપાધ્યક્ષ કે ડીરેક્ટર તરીકે નિમાયેલ
બિન સરકારી સભ્યોના હોદ્દાની મુદત
બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ.
ઠરાવ ક્રમાંક:- જનવ/૧૦-૨૦૧૪/૪૭૩૯૦૨(૩)/અ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૯/૨૦૧૪

**પ્રસ્તાવના:**

રાજયના જાહેર સાહસોના નિયામક મંડળમાં અધ્યક્ષ/ઉપાધ્યક્ષ તેમજ ડીરેકટર તરીકે બિન સરકારી વ્યકિતઓની નિમણુંક સરકારશ્રી ધ્વારા કરવામાં આવતી હોય છે. આવી નિમણુંક કેટલી મુદત સુધી અમલમાં રહેશે તેની કોઇ ચોક્કસ મુદત નકકી થયેલ ન હતી. આ સંદર્ભમાં પુખ્ત વિચારણાના અંતે હવેથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ**

સરકારશ્રી ધ્વારા રાજયના જાહેર સાહસોના નિયામક મંડળમાં અધ્યક્ષ/ઉપાધ્યક્ષ તેમજ ડીરેકટર તરીકે નિમવવામાં આવતાં બિન સરકારી સભ્યોના હોદ્દાની મુદત તેમની નિમણુંકની તારીખથી ત્રણ વર્ષ અથવા સરકારશ્રી તેમને તે હોદ્દા પરથી દૂર કરે - એ બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધીની રહેશે.

આ ઠરાવ હાલમાં હોદ્દા પર ચાલુ હોય તેવા અને હવે પછી નિમવવામાં આવનાર તમામ અધ્યક્ષ/ઉપાધ્યક્ષ તેમજ ડીરેકટરને લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
ઉપ સચિવ (જા.સા)
નાણા વિભાગ

નકલ રવાના:

\# - નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી,(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણા)ના અંગત અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (જા.સા.) અને સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, નાણા વિભાગ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,સચિવાલય,નાણા વિભાગ, ગાંધીનગર.
- સર્વે મેનેજીંગ ડીરેક્ટરશ્રીઓ/મુખ્ય કારોબારી અધિકારીશ્રીઓ, સરકારી કંપની/નિગમ/બોર્ડ,ગુજરાત રાજ્ય
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર- વેબ સાઇટ પર મુકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ
- ----------------------------------------------------------

# પત્ર દ્વારા